# ➢ રીવર્સ ચાર્જની સાદી સમજ.

-આવી જોગવાઇ અગાઉના સર્વિસ ટેકસ કાયદા હેઠળ હતી. **Urd** ખરીદીના કિસ્સામાં વેટ હેઠળ ખરીદવેરો ભરવાનો થતો હતો.

-વ્યાખ્યા કલમ-૨(૯૮) હેઠળ તથા અન્ય બાબતો કલમ-૯(૩) અને ૯(૪) હેઠળ સમાવેલ છે.

-કલમ-૯(૩) અને કલમ-૯(૪) વચ્ચે રેહેલ તફાવતઃ

કલમ ૯(૩)હેઠળ સરકારે કઇ -કઇ સેવા ઉપર રીવર્સ ચાર્જ લાગશે તે ઠરાવેલ છે. જયારે કલમ-૯(૪) મુજબ નોંધાયેલ કરદાતાની કોઇપણ ઇનવર્ડ સપ્લાય રીવર્સ ચાર્જને પાત્ર થશે.

-માલ કે સેવા મેળનાર વ્યકિત જીએસટી હેઠળ નોંધાયેલ હોય અને માલ કે સેવા પુરી પાડનાર બિન નોંધાયેલ હોય.

-કલમ-૨૪ મુજબ રીવર્સ ચાર્જ મુજબ વેરો ભરવા માટે જવાબદાર વ્યકિતઓ ટર્નઓવરની મર્યાદા વગર ફરજીયાપણે નોંધણી દાખલો લેવાનો રહે છે.

-ઉચ્ચક વેરાનો વિકલ્પ ધરાવતા કરદાતાએ લાગુ પડતા દરે રીવર્સ ચાર્જ ભરવાનો થાય.

- કલમ-૩૧ અને નિયમ-૪૬ મુજબ દરેક ટેકસ ઇન્વોઇસમાં એવું દર્શાવવાનું રહે છે કે, વેરો રીવર્સ ચાર્જ મુજબ ભરવાનો છે. તે જ રીતે
- રીસીપ્ટ વાઉચર અને રીફંડ વાઉચરમાં રીવર્સ ચાર્જ દર્શાવવાનો રહે છે.

-રીવર્સ ચાર્જ હેઠળનો વેરો પ્રથમ ઇલેકટ્રોનીક કેશ લેઝરમાં ડેબીટ કરીને ભરવાનો રહે છે.

- અન્ય શબ્દોમાં કહીએ તો,રીવર્સ ચાર્જની જવાબદારી બેલેન્સ વેરાશાખમાંથી અદા ન કરી શકાય. પરંતુ રીવર્સ ચાર્જી રકમ ભર્યા બાદ, જો તેની વેરાશાખ મળવાપાત્ર હોય તો તે કરદાતા લઇ શકે છે.
- રીવર્સ ચાર્જની ઇન્વોઇસ-વાઇસ વિગતો **GSTR-1** ના ટેબલ **4B** માં દર્શાવવાની રહે છે.
- રીવર્સ ચાર્જ લાગતો હોય તેવા સપ્લાય માટે આપવામાં આવેલ એડવાન્સ પેમેન્ટ ઉપર પણ **GST** લાગે છે.

| ક્રમ | હેડીંગ | ગુડઝ | સપ્લાય કરનાર | સપ્લાય મેળવનાર |
|---|---|---|---|---|
| (૧) | ૦૮૦૧ | કાજુ | ખેડૂત | નોંધાયેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | વ્યકિત |
| (૨) | ૧૪ ૦૪ ૯૦ ૧૦ | બીડીના પાન | ખેડૂત | નોંધાયેલ વ્યકિત |
| (૩) | ૨૪૦૧ | તમાકુના પાન | ખેડૂત | નોંધાયેલ વ્યકિત |
| (૪) | ૫૦૦૪ થી ૫૦૦૬ | સિલ્કનું યાર્ન | કાચા સિલ્કમાંથી સિલ્કયાર્ન બનાવનાર કે રેશમના કીડામાંથી સિલ્ક અને સપ્લાય કરનાર | નોંધાયેલ વ્યકિત. |
| (૫) | - | લોટરી | રાજય સરકાર, કેન્દ્રશાસિત પ્રદેશ કે સ્થાનિક સત્તા મંડળ. | લોટરી ડીસ્ટ્રીબ્યુટર અથવા સેલીંગ એજન્ટ |
| સેવાઓઃ- | | | | |
| (૬) | ઇમ્પોર્ટ | ભારતની બહાર | ટેક્ષેબલ ટેરીટરી | ૧૦૦% |
| (૭) | લીગલ સર્વિસ | એક એડવોકેટ તેમજ સીનીયર એડવોકેટ કે એડવોકેટની ફર્મ. | કોઇપણ ધંધાકીય સંસ્થા ટેક્ષેબલ ટેરીટરીમાં આવેલ હોય તે. | ૧૦૦% |
| (૮) | લવાદ | લવાદ પંચ | કોઇપણ | ૧૦૦% |

| | | | | |
|---|---|---|---|---|
| | પંચ દ્વારા પુરી પાડેલ સેવા. | | ધંધાકીય સંસ્થા ટેક્ષેબલ ટેરીટરીમાં આવેલ હોય તે. | |
| (૯) | સ્પોન્સર શીપ મારફતે પુરી પાડેલ સેવા | કોઇપણ વ્યકિત | કોર્પોરેટ કે ભાગીદારી પેઢી ટેક્ષેબલ ટેરીટરીમાં આવેલ હોય તે | ૧૦૦% |
| (૧૦) | સરકારે પુરી પાડેલ સેવા | કેન્દ્ર સરકાર,રાજય સરકાર,કેન્દ્રશાસિત પ્રદેશ કે સ્થાનિક સત્તા. | | ૧૦૦% |
| (૧૧) | ઇન્સ્યોરન્સ એજન્ટની સેવાઓ. | ઇન્સ્યોરન્સ એજન્ટ | ઇન્સ્યોરન્સના વ્યવસાય સાથે સંકળાયેલ કોઇપણ વ્યકિત ટેક્ષેબલ ટેરીટરીમાં હોય તેવા. | ૧૦૦% |
| (૧૨) | રીકવરી એજન્ટની સેવા | બેંકીંગ કંપની | | ૧૦૦% |